

તુમ એક અલૌકિક હો, ભગવન્ !
ત્રિભુવનમેં સચમુચ લાખોમેં;
હૈ મધુર શાંત-રસ ભરા હુઆ,
ભરપુર તુમ્હારી આંખોંમેં;
તુમ ભૂલ ગયે હો પાપોંકો,
હૈ ધર્મ તુમ્હારી આંખોંમેં.

❀

જાન્યુઆરી ૧૯૮૩ * આત્મધર્મ * [ ૪૭૧ ] * અંક : ૭ વર્ષ : ૩૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જે ગૃહસ્થ સાધર્મી જીવો પ્રત્યે પોતાની શક્તિ અનુસાર વાત્સલ્ય કરતો નથી તે ધર્મથી વિમુખ થઈને ઘણા પાપથી પોતાને આચ્છાદિત કરે છે. ( શ્રી પદ્મનંદી–ઉપાસક સંસ્કાર, શ્લોક–૩૬ )

૨. હે પ્રાણી! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઈને ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે–ક્રિડા કરે છે. ( સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૬૩ )

૩. નિજાત્માને ધ્યાવતાં જે અનંત સુખ મુનિરાજ અનુભવે છે તે સુખ કરોડો દેવીઓ સાથે રમનારો ઇન્દ્ર પણ પામતો નથી.

( શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર–૧, ગાથા–૧૧૮ )

૪. હે ઇશ! આપના સાન્નિધ્યની સૌરભ વડે અતત્ત્વ–વચનો પણ તત્ત્વ પ્રતિપત્તિમાં અત્યંત કુશળ થઈ જાય છે; કેમકે પદે પદે એકાંતરૂપ વિષનું વમન કરનારા તે વચનો પણ આપના માર્ગમાં સ્યાત્ પદથી અલંકૃત થતાં પદે પદે અમૃતને ઝરે છે.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ ૨૦, શ્લોક–૨ )

૫. દર્શન-વિનય, જ્ઞાન-વિનય, ચારિત્ર-વિનય, તપ-વિનય અને ઉપચાર-વિનય–એમ પાંચ પ્રકારનો વિનય પંચમ-ગતિ ( મોક્ષ ) આપવામાં પ્રધાન–મુખ્ય માનવામાં આવેલ છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા–૧૮૭ )

---

ગતાંકના મુખપૃષ્ઠના ફોટોગ્રાફર : શ્રી સુરેશભાઈ પારેખ, વડોદરા

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૭
[ ૪૭૧ ]




વીર
સંવત
૨૫૦૯
A.D. 1983
JAN.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * શ્રી સદ્‌ગુરુવાણી સ્તુતિ *

જ્ઞાન સિંધુ ગુરુ વદનથી, વચનામૃત વૃષ્ટિ થઈ,
શાંતિ શાંતિ પરમ શાંતિ, સર્વદા ફેલી રહી;
વિગત દોષં સુગુણ કોષં, છે શિવંકર તે સહી.
દુષ્ટ થોક કર્મરોગ, પીડા સૌ દૂરે ગઈ.
ભવ્ય જીવો કરે પાન, ચિત્તમાં મુદિત થઈ,
કષાયોની દુષ્ટ આગ સ્પર્શતા બૂઝી ગઈ;
વિભાવોની જે પિપાસા, શમીને શાંતિ થઈ.
શ્રુતધારી દૃષ્ટ જ્ઞાતૃ, દોષાતીત જે સહી;
જેના સ્યાદવાદે નાઠા કુવાદી ઝાંખા થઈ,
તે શ્રી કહાન ગુરુજીને, સુરેશ સ્તવે આનંદ થઈ;
તેહનું જે દર્શ પામે, તેહ ધન્ય! ધન્ય! છે સહી,
સંતોષથી તે અલ્પકાળે, પામશે સુખ શિવમયી.

દર્શનાર્થીઓની વિનંતીથી

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

શ્રીમુખેથી નીકળેલાં ગુરુભક્તિ-નીતરતાં તત્ત્વબોધક

## અધ્યાત્મ વચનરત્ન

(સંકલિતરૂપે)

પૂજ્ય ગુરુદેવનું દ્રવ્ય (ભાવી) તીર્થંકરનું દ્રવ્ય હતું. એમની વાણી કોઈ અદ્ભુત હતી. પંચમ કાળમાં એમનો અહીં જન્મ થયો તે (આપણાં) મહાભાગ્ય છે. જાણે કે તીર્થંકર ભગવાન જેવી ચમત્કારિક એમની વાણી હતી. એમની વાણીની પાછળ એકલો આત્મા દેખાતો હતો. આત્મામાં કોઈ અનુપમ આનંદ છે તે એમની વાણી બતાવતી હતી. પંચમ કાળના જીવો પર એમનો અદ્ભુત ઉપકાર છે. આવા ગુરુદેવના આપણને વસમા વિરહ પડયા, પણ શું થાય?

પૂજ્ય ગુરુદેવે સ્પષ્ટ કરી કરીને ઘણું બતાવ્યું છે. આત્માના સ્વભાવને ઓળખવો. સમ્યગ્દર્શન વગેરે બધું સ્વભાવમાંથી પ્રગટ થાય છે. બધું અંદર તત્ત્વમાંથી જ પ્રગટ થાય છે, બહારથી કાંઈ આવતું નથી.

અંતરમાં જોવાનો પ્રયત્ન કરે તો અંદરથી બધું પ્રગટે. જેને જિજ્ઞાસા હોય તે અંતરમાં ગયા વગર રહે જ નહિ. આ શરીરાદિ બાહ્ય વસ્તુ છે, વિભાવપર્યાય પણ પોતાનો સ્વભાવ નથી. અંતરમાં એક ચૈતન્યદ્રવ્ય શાશ્વત છે, જેમાં શાશ્વત સુખ છે. જેમાં સુખ હોય એમાંથી જ તે પ્રગટ થાય છે. સુખ વગેરે અંદર તત્ત્વમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. આનંદગુણ આત્માનો છે, તેથી આત્મા પર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય છે. જે જેમાં હોય તે તેમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. જેનો જે સ્વભાવ હોય તે, એમાં જ પરિણમન કરવાથી, એમાં જવાથી, પ્રગટ થાય છે. માટે અંતરમાં જઈ શુદ્ધાત્માને ઓળખવાનો ને એને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો. તેની દૃષ્ટિ, જ્ઞાન ને તે બાજુ લીનતા કરવાથી તે પ્રગટ થાય છે.

*

ગુરુદેવે કહ્યું છે : 'કરવાનું તો પોતાને જ છે'. સાકરનો સ્વભાવ જુદો છે ને કાળીજીરીનો સ્વભાવ જુદો છે, તેમ જ્ઞાન જ્ઞાનસ્વભાવે ને જડ જડસ્વભાવે હોય છે—બંને જુદેજુદાં છે. વિભાવપર્યાય પણ આકુળતારૂપ છે, આત્માનો સ્વભાવ નથી. આત્મા નિરાકુળ છે, તેનું સ્વરૂપ વિભાવથી જુદું જ્ઞાનમય છે. શાસ્ત્રમાં આવે છે ને કે—સુવર્ણમાંથી સુવર્ણની પર્યાય થાય છે; તેમ જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય થાય છે. શુદ્ધાત્માને સમજવાનો મંત્ર મળ્યો છે તે પૂજ્ય ગુરુદેવ પાસેથી મળ્યો છે. કરવાનું તો પોતાને જ છે, બીજો કોઈ કરી દેતો નથી. ગુરુદેવે જે બતાવ્યું છે તે રૂપે પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર-ઉપરથી થતું નથી, પણ અંતરના ઊંડાણમાં જઈને પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય. જ્યાં તત્ત્વ છે ત્યાં જ દૃષ્ટિ દે, ત્યાં જ પરિણતિને દોડાવે, ત્યાં જ થંભે, ત્યાં જ લીન થાય, એનું જ જ્ઞાન કરે, એનું જ ધ્યાન કરે, તો પ્રગટ થાય. જેને બહારનો રસ લાગ્યો હોય તે તેનું—બહારનું—કેટલું મંથન કરે? —તેમ અંતરમાં જઈને પ્રયત્ન કરે તો પ્રગટ થાય.

*

પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે? અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છે ને કે—પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાને જુએ, ધીરો થઈ પોતે પોતાની પરિણતિને પોતા તરફ દોડાવે, એવું કોઈ જ્ઞાન ને વિરક્તિ પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે. એવી જાતની દૃષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરક્તિ પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને અંદરથી સુઝાડી શકે એમ છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે.

*

જેને આત્માની જિજ્ઞાસા જાગે, પિપાસા લાગે, બહારનું બધું દુઃખમય લાગે તેને, જો તે અંતરમાં ખોજ કરે તો, આત્માનો મહિમા આવે. જેને સંસારમાં તન્મયતા છે તેને આત્માનો મહિમા આવતો નથી. જેને બહારમાં–વિભાવમાં–દુઃખ લાગે તે વિચાર કરે કે—આ તો બધું દુઃખ છે. હું તો અંદર એવું કોઈ પ્રગટ અનુપમ તત્ત્વ છું કે જેમાં પરિપૂર્ણ સુખ છે. જેને જિજ્ઞાસા જાગે તે પોતાના આત્માનો ગુણવૈભવ જોવાનો પ્રયત્ન કરે, અને તો તેને તેનો મહિમા આવે. 'આત્માનો વૈભવ કેવો છે? કોણ બતાવે? કેમ પ્રગટ થાય?'—એમ, જેને જિજ્ઞાસા હોય તે ખોજ કરે છે.

*

આત્મા શક્તિએ પરિપૂર્ણ ભગવાન છે. શક્તિએ જે પૂર્ણ હોય એમાંથી જ પર્યાયમાં પૂર્ણતા પ્રગટે. જો સ્વભાવ પૂર્ણ ન હોય તો પર્યાયમાં પૂર્ણતા આવે કયાંથી? દ્રવ્યનું મૂળ શાશ્વત સ્વરૂપ એવું છે કે જેને કોઈ હીનાધિક કરી શકતું નથી. કોઈ પરદ્રવ્ય તેને હાનિ, ઘસારો કે વિઘ્ન કરી શકતું નથી; તેના સ્વભાવને કોઈ ખંડિત કરી શકતું નથી. એનું નામ જ સ્વતઃસિદ્ધ દ્રવ્યસ્વભાવ કહેવાય. તે સ્વતઃસિદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ ભલે દેખાતો નથી, પણ એમાં પૂર્ણતા છે તો જ પર્યાયમાં પૂર્ણ પ્રગટે છે. જેમાં છે તેમાંથી જ પ્રગટે છે. પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય તે પૂર્ણ સ્વભાવમાંથી જ થાય છે. પૂર્ણ હોય તો જ એમાંથી પૂર્ણતા આવે છે. માટે સ્વભાવ ઓળખીને પ્રતીતિ કરવી કે 'હું પૂર્ણ જ છું'. પોતાની પૂર્ણ શક્તિનો ખ્યાલ બરાબર આવી શકે છે. અપૂર્ણતા હોય તેમાંથી પૂર્ણતા ન આવે, પૂર્ણતામાંથી જ પૂર્ણતા આવે. મૂળ તત્ત્વ પરિપૂર્ણ છે. કેવળજ્ઞાનપર્યાય ભલે વ્યક્તરૂપે પૂર્ણ પ્રગટ થાય, પણ શક્તિરૂપે–સ્વભાવે–તો અંદર દ્રવ્ય જ પરિપૂર્ણ બિરાજમાન છે. તારી દૃષ્ટિ પૂર્ણ સ્વભાવ પર કર તો એમાંથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થશે.

દ્રવ્ય—મૂળ વસ્તુ—જ એને કહેવાય કે જે સ્વભાવે પરિપૂર્ણ હોય. સ્વભાવે પરિપૂર્ણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય વિઘ્ન, હાનિ કે નાશ કરી શકે નહિ.

[ અનુસંધાન........પાનું ૧૨ ઉપર ]

# અરેરે! માન–સન્માન ને મોટપમાં તારું આયુષ્ય ચાલ્યું જાય છે ભાઈ!

[ શ્રી યોગસાર ઉપર પૂજ્યગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૪–૬–૬૬ ]

યોગીન્દ્રદેવ મુનિ થયા. તેમણે આ યોગસાર બનાવ્યું છે. આ આત્માનો સ્વભાવ શુદ્ધ ને આનંદ છે, અને તેમાં એકાગ્રતા થવી તેનું નામ યોગ કહેવાય છે. અને તેનો સાર એટલે નિશ્ચય સ્વભાવની સ્થિરતા. તેમાં અહીંયા ગાથા ૪૬ માં કહે છે કે ધર્મરૂપી અમૃત પીવાથી અમર થવાય છે:—

જરા–મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મૌષધિ પાન. ૪૬.

હે જીવ! તું જરા–મરણથી ભયભીત હો અને દુનિયાના સંયોગના દુઃખ ને ચોરાશીના અવતારથી જો તું ભયભીત હો તો ધર્મ કર. ધર્મ એટલે શું? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેની અંતર શ્રદ્ધા જ્ઞાન ને રમણતા તેને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. તું તે ધર્મરૂપી રસાયણ અર્થાત્ ઉત્તમ ઔષધિનું સેવન કર, જેથી તું અજર–અમર થઈ શકે. પણ પહેલાં જીવને આ જન્મ–મરણના દુઃખ ભાસવા જોઈએ.

ઘડપણ આવતાં શરીરની શક્તિ ક્ષીણ થઈ જાય છે. ઇન્દ્રિયોમાં શક્તિ રહેતી નથી. બહારના રોગ મટાડવાને જેમ ઔષધ હોય છે. તેમ જન્મ–જરા–મરણના રોગને મટાડવાં માટે આત્મામાં ઔષધ છે. આત્માના આનંદ સ્વરૂપને અનુસરીને અંતરમાં તેની શ્રદ્ધા જ્ઞાન ને રમણતારૂપ અનુભવ કરવો તે જન્મ–જરા–મરણને નાશ કરવાનો ઉપાય—ઔષધી છે.—એમ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ત્રણ કાળ, ત્રણ લોકના જાણનાર કહે છે. માટે ધર્મ રસાયણ છે. અને આ ધર્મ રત્નત્રયસ્વરૂપ છે. દેહની ક્રિયા તે ધર્મ નથી, તેમજ દયા, દાન, ભક્તિ આદિના ભાવ થાય તે પણ ધર્મ નથી. પરંતુ શુદ્ધ આનંદકંદ આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે. આહાહા!! આત્મા અનંતગુણનું પવિત્રધામ છે. જેટલો જે કાંઈ આ વિકાર દેખાય છે તે કાંઈ આત્મા નથી. માટે આત્માનો અનુભવ કરવો તે જ જન્મ–જરા–મરણને મટાડવાનું ઔષધ છે. તે ધર્મ-ઔષધ શુદ્ધિભાવરૂપ છે, આત્મતલ્લીનતારૂપ છે. જ્યારે અનાદિ પુણ્ય–પાપના વિકારી ભાવની તલ્લીનતા તે જન્મ–મરણના રોગોને ઉત્પન્ન કરવાનું કારણ છે. આહાહા! આ દેહ તો માટી જડ છે. કર્મ પણ જડ છે ને જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે પણ વિકાર ને દુઃખ છે, દોષ છે. તેથી તેનાથી રહિત આત્માના સ્વભાવનું સ્વસંવેદન

અર્થાત્ આત્માને જાણે-વેદે ને ઠરે તે એક જ જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે. એટલે કે પુણ્ય-પાપના વિકારીભાવનો અનુભવ તો રોગને ઉત્પન્ન કરવાનું કારણ છે. જ્યારે આત્માનો અનુભવ તે જ મોક્ષનો ઉપાય છે. રોગ ટાળવાનો ઉપાય છે.

આત્મસિદ્ધિમાં કહ્યું છે કે—

"આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્ગુરુવૈદ્ય સુજાણ,
ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન."

રાગમાં, પુણ્યમાં, શરીરમાં આત્મા છે—તેવી માન્યતા મોટો ભ્રમ છે. અહીંયા કહે છે કે ભાઈ! તારો પુરુષાર્થ કાં તો વિકારમાં ચાલે ને કાં તો સ્વભાવમાં ચાલે, તે સિવાય પરમાં જરીયે તારો પુરુષાર્થ કામ કરે નહીં. આહાહા! પોતાની સત્તામાં રહીને કાં તો વિકાર કરે ને કાં તો આત્માનો અનુભવ કરીને મુક્તિ કરે. બાકી બહારનું ફોતરું પણ તે ફેરવી શકે નહીં. તેનો રોગ શું છે તે બતાવનાર જ્ઞાની છે. અને તેની આજ્ઞા છે કે વિચાર ને ધ્યાન તે રાગનું ઔષધ છે. ભગવાન આત્માની પર સન્મુખની ઉપયોગદશાને ફેરવી પોતાના અંતરસ્વભાવમાં ઉપયોગને જોડવો તે યોગસાર છે ને તેને સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. અને એ જ ધર્મ-રસાયણ છે કે જે પીવાથી પરમાનંદનો લાભ થાય છે. આત્મામાં થતાં શુભ-અશુભભાવ તે ધર્મ નથી. પરંતુ આત્માના શુભ-અશુભભાવથી ખસીને અંતર આત્મામાં શુદ્ધભાવ પ્રગટ કરવો તેને ભગવાન ધર્મ કહે છે, અને આત્માનો અનુભવ જ મોક્ષનો ઉપાય છે.

જેમ વિદ્વાન લોકો ટાણાને ઓળખીને શત્રુને હણી નાખે છે. તેમ હે આત્મા! તને અવસર મળ્યો છે. તો અત્યારે મનુષ્યદેહમાં આત્માનું ભાન કરીને વિકારરૂપી શત્રુનો નાશ કરવાનો તારો કાળ છે. તારે ટાણા આવ્યા છે.

હવે આગળની ગાથામાં બાહ્યક્રિયામાં ધર્મ નથી તેમ કહે છેઃ—

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;
રાખે વેશ મુનિ તણો, ધર્મ ન થાય લેશ. ૪૭.

અરે! મોટા મોટા શાસ્ત્રભણીને પંડિત થઈ જાય તેથી ધર્મ થઈ ગયો છે તેમ નથી. તેમ જ નગ્નપણું, મોરપીંછી ને કમંડળ તે કાંઈ ધર્મ નથી. યોગીન્દુદેવ પોતે મુનિ છે, નગ્ન દિગમ્બર, જંગલવાસી આચાર્ય છે ને આત્મધ્યાનમાં મસ્ત છે. તેઓ આમ કહે છે કે કોઈ એકાન્ત વનમાં કે મઠમાં રહે તેમાં શું થયું? વનમાં તો ઘણા ચકલા પણ રહે છે. જ્યાં ધર્મનું ભાન નથી ત્યાં મઠ ને વન એક જ છે. જ્ઞાનાનંદ શુદ્ધ આત્માનું ભાન કરીને તે ભલે વનમાં રહે કે ભલે ઘરમાં રહે પણ તે આત્મામાં જ છે. કેશલોચનથી પણ ધર્મ નથી. આહાહા! લોકોને એમ થઈ જાય છે કે આ શું? પણ ભાઈ તે તો જડની બહારની ક્રિયા છે. આત્માની કાંઈ ક્રિયા નથી. જો તેમાં પણ

મંદરાગ કરીને સહનશીલતા કરે તો પુણ્યભાવ છે. પણ આત્માના ભાન વિના માથા મુંડાવે તેમાં કાંઈ ધર્મ છે નહીં.

જેનાથી જન્મ-જરા-મરણનું દુઃખ મટે, કર્મોનો નાશ થાય ને સ્વભાવિક દશા પ્રગટ થાય તે આત્માનો નિત્ય સ્વભાવ છે ને તે ધર્મ છે. માટે કહે છે કે જો પોતાની શ્રદ્ધા કરશે, પોતાનું જ્ઞાન કરશે, ને તેમાં એકાગ્રતા કરશે, તો તેને સાચા શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થશે. આહાહા ! ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટા છે. જગતનો સાક્ષી જગતના દૃશ્યનો દેખનાર જ્ઞેયનો જાણનાર છે. તો તેવા ભગવાન આત્માને અનુભવમાં ન લઈને તે સિવાય બહારની ક્રિયાને—માત્ર વ્યવહારને જે કરે છે ને માને છે કે હું ધર્મનું સાધન કરું છું તો તે ધર્મનું સાધન છે નહીં.

જેમ ખેતર સાફ કરે પણ બીજ વાવ્યા વિના ઉગે ક્યાંથી ? શું બીજ વિના ઢેફામાંથી છોડ ફાટે ? તેમ ભગવાન આત્માનો અનુભવ કર્યા વિના મોક્ષના કણસલા ક્યાંય પાકે નહીં. ભલે પછી બહારની ક્રિયા કરી કરી ને મરી જાય; દયા દાન ભક્તિ કરે, લાખો ક્રોડોના દાન કરે કે લાખો ક્રોડો મંદિર બનાવે તોપણ તેમાં ધર્મ થાય તો હરામ છે. ફક્ત શુભભાવથી પુણ્ય બંધાય. તેવી રીતે પરમાનંદ મૂર્તિ શુદ્ધાત્માનો અનુભવ ન હોય ને કેવળ શાસ્ત્રનો પાઠી-એકલા શાસ્ત્ર ભણે, મહા વિદ્વાન મહાવક્તા હોય ને ધર્માત્માનું અભિમાન કરતો હોય તો તે પણ મિથ્યા છે. તે ખરેખર ધર્માત્મા નથી. ધર્મ તો આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે છે. અહીંયા કહે છે કે શ્રદ્ધામાં દૃઢ રાખવું જોઈએ કે અંતર આત્મામાં પુણ્ય-પાપના ભાવ રહિત શુદ્ધ આત્માની ભાવના થવી અને ભાવ થવો તે જ મુનિ અને શ્રાવક ધર્મ છે. અશુભભાવથી બચવા શુભ ભાવ આવે પણ તે નિશ્ચયધર્મ વિના, એકડા વિનાના મીંડા છે. શુદ્ધજ્ઞાન ને આનંદનો અનુભવ તે ધર્મની ઓળખાણ છે. પણ દયા-દાનના વિકલ્પ જે વિકાર છે, તે ધર્મની ઓળખાણ છે નહીં. જેમ ચોખા વિનાના એકલા ફોતરા હોય, તેમ આત્માના શુદ્ધ શ્રદ્ધા જ્ઞાનના અનુભવ વિના બાહ્યની ક્રિયા મહાવ્રતના પરિણામ આદિ બધા થોથા થોથા છે. તે તો પુણ્યબંધ કરાવીને સંસારને વધારનાર છે. જેટલી વીતરાગતા છે, તેટલો જ ધર્મ છે. તેથી હે આત્મા ! તું અંહકાર કર નહીં કે હું મોટો પૈસાવાળો છું, હું ગુણવાન છું, હું સમર્થ છું ને હું મુનિરાજ છું-એવો અંહકાર છોડી દે અને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી વસ્તુ છે, તેનો નિરંતર અનુભવ કર. ભગવાન આત્મા નિરાળો જ્ઞાનાનંદ છે. તેને આવા બહારના અભિમાન શાના ? ભારે આકરું ! વ્યવહાર છે ખરો પણ વ્યવહારથી લાભ થાય નહીં.

હવે રાગ-દ્વેષ છોડીને આત્મસ્થ થવું તે ધર્મ છે એમ કહે છેઃ—

રાગદ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવરભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮.

બહુ જ ટૂંકા શબ્દોમાં ટૂંકું કહે છે કે શુભાશુભભાવ રાગદ્વેષમય હોવાથી બંધના કારણ છે, તેને છોડીને ત્રિકાળી આત્મામાં વિશ્રામ કર. એટલે કે શુભાશુભ ભાવમાં વસવું તે આત્મામાં વસવું નથી તેમ કહે છે. આહાહા! ભગવાન ચૈતન્યધામ બિરાજે છે. અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા શાશ્વત બિરાજે છે, તેમાં વસ, વિશ્રામ કર ને ઠર અને તે યોગસાર છે. અંદર વસે તે યોગસાર છે, કે જે મુક્તિનો ઉપાય છે ને તેને વીતરાગ પરમેશ્વરે ધર્મ કહ્યો છે. આહાહા! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ દેવની વાણીમાં એમ આવ્યું કે ભગવાન આત્મા કે જે શુદ્ધભાવે છે તેમાં જેટલો વસે તેટલો ધર્મ છે ને જેટલો પુણ્ય ને પાપના ભાવમાં જાય તેટલો અધર્મ કહેવાય છે. આવી વાત છે, ભારે આકરી ભાઈ! કર્મ, શરીર, વાણીથી રહિત ભગવાન આત્મા છે. કેમ કે કર્મ, શરીર, વાણી અજીવ છે ને? તેમજ પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ બંધના કારણ છે માટે તે પણ આત્મા નથી. આત્મા તો શુદ્ધ વીતરાગી વિજ્ઞાનઘનથી ભરેલું તત્ત્વ છે. તેમાં વસે તેને શુદ્ધભાવ પ્રગટ થાય છે ને જેટલો પુણ્ય-પાપના વિકલ્પમાં આવે તેટલો અશુદ્ધભાવ છે, બંધભાવ છે. રાગ-દ્વેષના વિકલ્પો ચાહે તો શુભ હો કે અશુભ હો તેને છોડી દઈને ભગવાન આત્મા કે જે શાંત અને સચ્ચિદાનંદ મૂર્તિ છે તેમાં જેટલો વસે, રહે, ઠરે, એકાગ્ર થાય તેટલો શુદ્ધભાવ પ્રગટ થાય છે, ને તેટલો ધર્મ છે. એમ ભગવાને કહ્યું છે, અને તે ધર્મ પંચમગતિનું કારણ છે. વચ્ચે જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ-વિકલ્પ આવે છે તેની મોક્ષમાં પહોંચાડવાની તાકાત નથી તેમ કહે છે. કારણ કે તે બંધનું કારણ છે. જેમ પાપનો ભાવ બંધનું કારણ છે તેમ પુણ્યનો ભાવ પણ બંધનું કારણ છે, માટે મોક્ષગતિમાં લઈ જાય તેવી તેનામાં તાકાત નથી. અશુભથી બચવા શુભભાવ હોય છે, પણ તેનાથી સંવર નિર્જરા થાય તેમ છે નહીં. તો કરવા શું કરવા? કે એ ભાવ વચ્ચે આવે ભાઈ! જ્યારે તેને પાપભાવ ન હોય ને શુદ્ધસ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યારે શુભભાવ આવે છે. જ્યાંસુધી આત્મા પૂર્ણ વીતરાગપણાને ન પામે, ત્યાંસુધી વચમાં શુભભાવ આવે છે પણ તે આવે છે માટે મોક્ષનું કારણ છે કે આત્માને શાંતિનું કારણ છે તેમ નથી. કારણ કે શુભભાવ પોતે અશાંતિ છે. અશુભભાવ તીવ્ર અશાંતિ છે ને શુભભાવ મંદ અશાંતિ છે. પણ છે અશાંતિ. તેમાં જરીયે શાંતિ નથી. ભગવાન આત્મા અનાદિ અનંત ચૈતન્યજ્યોત છે, અકૃત્રિમ અણકરાયેલ અવિનાશી પ્રભુ છે. તેવા ચૈતન્ય પ્રભુના સ્વભાવમાં તો પરમાનંદ ને શુદ્ધતા ભરી છે, માટે પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને સ્વરૂપમાં વસવું કે જે સમ્યક્દર્શન, જ્ઞાન,

ચારિત્ર છે, અને તે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માની નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે, તથા જે આત્મામાં વસે છે તેને આત્માની પૂર્ણ દશા પ્રગટ થાય છે.

આશા-તૃષ્ણા તે સંસાર-ભ્રમણનું કારણ છે તેમ હવે કહે છેઃ—

મન ન ઘટે, આયુ ઘટે, ઘટે ન ઇચ્છામોહ;
આત્મહિત સ્ફૂરે નહિ, એમ ભમે સંસાર. ૪૯

કહે છે કે અરે આત્મા! આયુષ્ય તો ચાલ્યું જાય છે ભાઈ! જે કાંઈ ૮૫ કે ૧૦૦ વર્ષ લાવ્યો હતો તે ગળી જાય છે પણ આયુષ્ય ગળવા છતાં તારી તૃષ્ણા ગળતી નથી આહાહા! કેમકે જ્યાં પરની ભાવના છે ત્યાં મન ગળે શી રીતે? આત્માના આનંદના શ્રદ્ધા જ્ઞાન વિના તૃષ્ણા ઘટે નહીં. અજ્ઞાની મોટો થાય તેમ તેને ઊંડે ઊંડે આશા વધ્યે જ જાય છે. આશાના છોડ લાંબા થતાં જ જાય છે. આહાહા! આશાના બીજડા વાવ્યો હોય એટલે પછી મોટું વૃક્ષ થાય ને આશા પ્રમાણે થઈ શકે નહીં તેથી ઝાંવા મારે છે. ભગવાન આત્માના સ્વરૂપની શ્રદ્ધા ને ભાન વિના પર તરફનુ આ કરવું, આ કરવું તેવી ભાવનામાં તૃષ્ણા વધી જાય છે. આનંદઘનજી કહે છે કે—

આહાહા! કૂતરાની જેમ અજ્ઞાની જ્યાં ત્યાં બહારમાં ભટકે છે. કૂતરો ઘરના દરવાજાની જાળીમાં માથું મારે છે કે ટુકડો આપજો, રોટલીનું બટકું આપજો, તેમ આ મૂર્ખ જ્યાં ત્યાં મને માન આપજો, મને મોટો કહેજો, સારો ઊંચો છું તેમ કહેજો. એમ આશા તૃષ્ણાના ટુકડા માંગવામાં ભીખારીની જેમ ભમ્યા કરે છે, દુનિયાની પાસે માન લેવા માગે છે તે ભીખારી છે, રાંકા છે. આ રાજા મહારાજા પણ ભીખારી છે. ભલેને ક્રોડ ક્રોડના તાલુકા હોય તોપણ રાંકાના રાંકા છે. ભીખારીમાં ભીખારી છે. કહે છે કે એ આયુષ્ય ગળે છે તોપણ તૃષ્ણા ગળતી નથી. ઉલટાની વધી જાય છે. મોહ ભાવ ફેલાતો જાય છે પણ આત્માના હિતની ભાવના સ્ફુરતી નથી. અહા! આ માન સન્માન ને મોટપમાં બધો વખત ચાલ્યો જાય છે ને આત્માના હિત કરવાના ટાણા હાલ્યા જાય છે.

છોકરા સારા થાય ને પેદાશ વધી એટલે મૂઢ એમ માને છે કે અમે વધ્યા, મોટા થયા પણ શાના વધ્યા! શ્રીમદ્દે કહ્યું છે કે—

લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો? અહા! શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ મે વર્ષે આમ કહે છે. સાતમે વર્ષે જાતિસ્મરણજ્ઞાન થયું હતું ને ૩૩ મે વર્ષે દેહ છૂટી ગયો હતો. ૧૬ મે વર્ષે મોક્ષમાળા બનાવી છે તેમાં આમ કહે છે કે—

'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;

વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો, એક પળ પણ તમને હવો.'

અહીંયા તો કહે છે કે બહારના સાધનથી વધ્યો તેવું માનવું તે મિથ્યા છે. તે પરિભ્રમણના કારણમાં વધ્યો છે. આહાહા! આવો મનુષ્ય દેહ માંડ મળ્યો છે તેમાં જન્મ-જરા-મરણને ટાળવાનો ઉપાય આ છે, તેમ બતાવે છે. અહો! ભવને ભાંગવાના ભવમાં ભવને વધારવાના સાધન વધાર્યા, પણ આત્માનું હિત સૂઝતું નથી. અહા! અજ્ઞાની સદા શરીરને પોષે છે, વિષય ભોગોને ભોગવતો રહે છે, પણ આનંદકંદ ભગવાનના અમૃતમાં ડૂબતો નથી, અંદરમાં આવતો નથી અને ઝેર પીને જીવન ઇચ્છે છે. તેથી કહે છે કે બધી તૃષ્ણા છોડ ને ભગવાન આત્માના શ્રદ્ધા જ્ઞાન ને અનુભવ કર. તેમાં તારા કલ્યાણનો પંથ છે બાકી બીજે કયાંય કલ્યાણ નથી. (ક્રમશઃ)

—o—

[ અધ્યાત્મ વચનરત્ન........પાનું ૬ થી ચાલુ ]

પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ અરૂપી હોવા છતાં પોતે તેને જાણી તો શકે છે, પણ પોતે તે માટે પ્રયત્ન કરતો નથી, તેથી તેને જાણતો નથી. તે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા થઈ શકે છે અને સ્વાનુભૂતિમાં પણ તે આવે છે. સ્વભાવ તો સદા છે; તે કાંઈ હાનિ નથી પામ્યો. સ્વભાવને પોતે જાણી શકે છે, પોતે તેને અનુભૂતિમાં લઈ શકે છે; વિશેષ લીનતા કરવાથી તે વિશેષ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થતાં તે પૂર્ણ પ્રગટ થઈ શકે છે. ગુરુદેવે આ માર્ગ બતાવ્યો છે, એમનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે.

—o—

### પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કર

અરે ભાઈ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાયભાવો—વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે. પરજાત છે, પરજ્ઞેય છે, સ્વજાત-સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# કોઈ પણ પ્રયોજનાર્થે પૈસા રળવામાં કાળ ગૂમાવવો મૂર્ખાઈ છે

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૮–૩–૩૬ ]

આ પૂજ્યપાદ સ્વામીનું ઇષ્ટોપદેશ છે. તેમાં કહે છે કે:—

આયુ ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ;
પ્રાણોથી પણ લક્ષ્મીને, ઇચ્છે ધની અધિકાન. ૧૫.

અહીંયા કહે છે કે લક્ષ્મીના અર્થીઓ આયુષ્ય ઘટતું જાય છે તેમ જોતાં નથી, પણ લક્ષ્મી આદિ વધે તેના ઉપર તેનું લક્ષ છે. આ મનુષ્યપણું ધર્મના સાધન માટે ગાળવું જોઈએ પણ તેના બદલે લક્ષ્મી મેળવવામાં ગાળે છે. કેમ કે લક્ષ્મી વ્યાજ કુટુંબ દીકરા વિગેરે વધે તેના ઉપર તેની દૃષ્ટિ છે કે જે મૂઢદૃષ્ટિ છે. આ મનુષ્યદેહ તો પુણ્ય પાપના વિકાર રહિત આત્મસ્વભાવના સાધન માટે છે પરંતુ બંધ ભાવ માટે નથી. ચૈતન્યમૂર્તિ આત્મા કે જે બંધના ભાવ રહિત છે તેના શ્રદ્ધા જ્ઞાનથી આત્માનું સાધન કરવું તે કલ્યાણનો રસ્તો છે ને તેને માટે આ દેહ છે. પણ તેને બદલે, આ મનુષ્યદેહનો અમૂલ્યકાળ ચાલ્યો જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી.

અહા! આયુષ્યની સ્થિતિ ઘટતી જાય છે. છતાં આત્માના કલ્યાણ માટે જે પ્રયોગ કરવો જોઈએ તે તો અજ્ઞાની કરતો નથી. લક્ષ્મી આદિની વૃદ્ધિ દેખે છે પણ આયુષ્ય ઘટે છે તે જોતો નથી. પૂર્વે બાંધીને જે આયુષ્ય લઈને આવ્યો છે તે આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. બાપુ! તારી ગણત્રી કઈ જાતની છે? ધર્માત્માએ તો, અંતરસ્વરૂપના સાધન કરવા માટે મનુષ્યદેહ છે, આ ભવ ભવના અભાવ માટે છે—તેમ કહ્યું છે.

અરે ભાઈ! તારુ આયુષ્ય ઘટવા લાગ્યું છે, પૂર્વના પુણ્ય બળવા લાગ્યા છે, છતાં તું વૃદ્ધિ માને છે! કેવી ગણત્રી છે તારી! અહા! ધર્મનું સાધન તો કર્યું નહીં પણ પુણ્યના પણ તારા ઠેકાણા નથી. અહો! પોતાના જીવનથી પણ ધન વધું વ્હાલું લાગે છે! સ્ત્રી કુટુંબ આદિ વધુ સારા લાગે છે પણ તે વ્યામોહ છે, તારી મૂઢતા છે. તેવા વ્યામોહને ધિક્કાર હો! અનાદિનું આવું ને આવું ચાલ્યું આવે છે. મૂઢતા જ કરી છે. અરે! જે પુણ્યને લઈને આવ્યો હતો તેને એટલા પણે પણ રાખ્યા નહીં ને પાપ વધાર્યા! વૃદ્ધિમાં તો આયુષ્ય ઘટાડ્યું ને છતાં વૃદ્ધિ માને છે તે તારી ગણત્રીમાં ફેર છે. ભાઈ! તારા ગજના માપ જુદા છે—ખોટા છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ! તમે એટલી બધી ધનની નિંદા કરો છો પણ પૈસા હોય તો પુણ્ય થાય. પૈસા હોય તો દાન-પૂજા-ભક્તિ આદિ કરાય. પૈસા વિના શું કરવું? શું તમે આ માંડી છે? જોકે શિષ્ય એટલું કબૂલ કરે છે કે ધનથી પુણ્ય ઉપાર્જન કરાય છે પણ ધર્મ થાય તેમ નથી કહેતો. પૈસા હોય તો પાત્રદાન-સાધુ મહાત્માને દાન દેવાય મોટા મંદિરો બનાવાય મોટા ગજરથ કરાવાય ને ભગવાનની પૂજા થાય-આમ પૈસા હોય તો થાય નહીંતર શું કરાય? ધનથી પુણ્ય ઉપાર્જન કરી શકાય છે. માટે તે પ્રકારે ધન ઉપાર્જન કરીને સ્વર્ગ મેળવી શકાય ને! તેમ શિષ્યનો પ્રશ્ન છે તેનો ઉત્તર આપતાં ગુરુ કહે છે :—

દાન-હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,
દેહે કાદવ લેપીને, માને, 'સ્નાન કરેય.' ૧૬.

જો નિર્ધન દાન પૂજા મંદિર બનાવવા વિગેરે માટે પહેલાં પૈસા કમાય છે, ભેગા કરે છે, તો તે સ્નાન કરતાં પહેલાં શરીરને કીચડમાં લપેડવા જેવું છે. કાદવથી શરીરને મેલું કરીને પછી સ્નાન કરવા જેવું છે. અહા! ધન કમાવવું તે શરીરને મેલું કરવા જેવું છે. કેમકે ધન કમાવવાનો ભાવ જ પાપ છે. પાપ કર્યા વિના ધન કોઈ દિવસ કમાવાય નહીં તો તે મેલા શરીર કરીને એટલે કે પાપ કરીને પછી સ્નાન એટલે કે પુણ્ય કરવા જેવું છે. અર્થાત્ ગાય મારીને કુતરા ધરવવા જેવું છે. આમ પૈસા કમાઈને પુણ્ય કરવાનો ભાવ કરનાર મોટો મૂર્ખ છે. જો પૂર્વના પુણ્યને લઈને સહજે પૈસા મળી ગયા હોય અને તેમાં રાગ ઘટાડીને જો કાંઈ દયા, દાન, ભક્તિ પૂજાદિમાં ખર્ચે તો તેને પુણ્ય થાય છે. પરંતુ ધર્મ તો નહીં જ. કેમકે દેવ-પૂજા દાનાદિથી ધર્મ થતો નથી.

નિર્ધન એવો વિચાર કરે છે કે પાત્રદાન કરવા માટે ધન કમાવવું જોઈએ. નોકરી-ખેતી આદિ કરીને પણ ધન કમાવવું જોઈએ, પણ ભાઈ નોકરીમાં પણ પાપ છે. ખેતી કે કોઈપણ ધંધામાં પણ ક્ષણે ક્ષણે પાપ છે. અરે, કાપડના ધંધામાં પણ મમતા પડી છે, તેથી તે પણ બધું પાપ જ છે. દુકાને બેસીને રળવાનો ભાવ તે જ પાપ છે. ચક્રવર્તી, બળદેવ આદિ કે જેમને મહાપુણ્ય હોય છે, તેમને પૂર્વના પુણ્યથી લક્ષ્મીના ઢગલા આવી ગયા હોય છે. તે લોકોને કમાવું પડતું નથી કારણ કે બહુ પુણ્ય હોય છે. તો કહે છે કે તેવા પૈસાને કલ્યાણ એટલે કે પુણ્યના હેતુ માટે પાત્રદાનાદિ કરે તો, તે ઠીક છે, પણ પાપ કરીને કમાઈને પછી પુણ્ય કરવું તે સાચો રસ્તો નથી. તે ધર્મ તો છે જ નહીં, પરંતુ પુણ્ય પણ સાચું નથી. પાપ કરવાનો ભાવ જ ખોટો છે. એ તો પહેલા ઝેર ખાઈ લઉં પછી જીવીશ તેના જેવું છે. અહા! અહીંયા તો ઇષ્ટ ઉપદેશ એ છે કે પૂર્વના પુણ્યને લઈને વધારે પાપ વિના સહેજે લક્ષ્મી મળી હોય જેમ કે

વારસો આદિથી ધન મળ્યું હોય તો તેમાંથી રાગ ઘટે તેટલું પુણ્ય કર, છતાં પણ તે ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપના રાગ વિનાના શુદ્ધ ચૈતન્ય આત્માની દૃષ્ટિ કરવી તે છે. જેવી રીતે ચોમાસામાં ચારે બાજુ ડોળા પાણી ભરાય છે, ત્યારે નદીમાં પણ ડોળું પાણી ભરાય છે. પરંતુ ઉજળા પાણીએ નદી ભરાતી નથી, તેમ પૈસો પણ પાપથી પેદા થાય છે. કોઈને પણ પાપ વિના તે ભેગો થાય છે તે વાત છે જ નહીં. આવી રીતે શરીરને કીચડથી લપેટીને પછી સ્નાન કરનાર કુબુદ્ધિ છે. તેમ લક્ષ્મી પેદા કરીને પછી પુણ્ય કરીશ એમ માનનાર તેવો જ કુબુદ્ધિ છે તેમ કહે છે, પણ અહીંયા તો વધારે એ કહે છે કે પાપ કર્યા વિના દાન-પૂજાદિ કરવાનો ભાવ તે પુણ્ય છે, પણ તે ધર્મ નથી, ધર્મ તો દાન-પૂજાના ભાવથી અને રળવાના પાપભાવથી રહિત આત્માની શ્રદ્ધા જ્ઞાન કરે તો થાય છે, બાકી તે સિવાય ધર્મ છે નહીં.

વળી શિષ્ય કહે છે પ્રભુ! પૈસા કમાવામાં પાપ ઘણું થાય છે એ વાત તો સાચી છે અને દુઃખનું કારણ હોવાથી પૈસા તો નિંદ્ય છે જ, પણ પૈસા વિના કોઈ ભોગ-ઉપભોગ મળે તેમ છે! મકાન કપડાં ખોરાક વિગેરે માટે તો લક્ષ્મી જોઈએને? તેનું શું? આ અપેક્ષાએ-ભોગ-ઉપભોગમાં કામ આવે તે અપેક્ષાએ તો પૈસા ઠીક કહો!

આ બાબતમાં ગુરુ કહે છે: તે ઠીક નથી. સાંભળ! પુણ્યના કારણ માટે ધન કમાવવા-રળવાનો તો પહેલા નિષેધ કરવામાં આવ્યો છે જ. પણ ભોગ-ઉપભોગ માટે પણ પૈસા કમાવાની જરૂર નથી કેમકે ભોગ-ઉપભોગ પણ દુઃખરૂપ જ છે. તે વાત શ્લોક દ્વારા સમજાવે છે:—

ભોગાર્જન દુઃખદ મહા, પામ્યે તૃષ્ણા અમાપ,
ત્યાગ-સમય અતિ કષ્ટ જ્યાં, કો સેવે ધીમાન? ૧૭.

જે ચીજને તું ભોગવવા માગે છે અને જેને વારંવાર ભોગવે છે તે ચીજ તો શરૂઆતથી જ આતાપ-પાપનું કારણ છે. વળી તેમાં તૃપ્તિ પણ નથી. ભગવાન આત્મામાં શાંતિ છે, તૃપ્તિ છે, કેમકે ભગવાન આત્મા સદા આનંદસ્વરૂપ છે. માટે જે તેની દૃષ્ટિ કરે તેને તૃપ્તિ થાય તેવું છે. બાકી બહાર ભોગ-ઉપભોગમાં તૃપ્તિ નથી. અગ્નિમાં જેમ લાકડા નાખતા જાવ તેમ તે વધે છે, ભભકે છે, ઓલવાતી નથી. તેમ જેટલા ભોગ-ઉપભોગ ભોગવતા જાવ તેમ તેમ આશા તૃષ્ણા ને કષાય વધતો જ જાય છે, પણ સંતોષ થાય નહીં. જુવાનમાંથી વૃદ્ધાવસ્થા થાય તોપણ તૃપ્તિ ઘટતી નથી. ભોગની તૃષ્ણા કાંટાની પેઠે ચોંટી જ રહે છે. તેમાંથી છૂટવું ભારે આકરું છે. તેને ઓલવવી-ઘટાડવી મહા મુશ્કેલ છે. ગારુડી કાંટા જેવી ભોગ-ઉપભોગની આશક્તિ સેવવા લાયક છે તેમ કયો

ડાહ્યો માણસ માને? ભોગ-ઉપભોગ તો પાપ છે, અતૃપ્તિ છે, આતાપ છે, આક્રોશ છે, તેમાં કયાંય સુખ છે નહીં. અહા! પુણ્ય માટે તો કમાવવું નહીં, પણ ભોગ-ઉપભોગ માટે પણ કમાવવું નહીં, કેમકે તેમાં દુઃખ છે. કારણ કે શરુઆતમાં આતાપ છે, મધ્યમાં અતૃપ્તિ છે ને અંતમાં છોડવું મુશ્કેલ છે. અહો! શાંતિ તો આત્મામાં છે અને તેની દૃષ્ટિ કર્યા વિના શાંતિનો કોઈ ઉપાય નથી. કહે છે કે ભોગ-ઉપભોગ માટે કમાણી કરવાના સમયે શરીર, ઇન્દ્રિય ને મનને ક્લેશ થાય છે. ઇન્દ્રિય શુષ્ક થઈ જાય, કાળા-મેશ શરીર થઈ જાય છે ને આમ પૈસા કમાવવા વર્તમાનમાં પણ દુઃખ છે ને પછી ભોગ-ઉપભોગમાં પણ દુઃખ છે. માટે કહે છે કે ભોગ-ઉપભોગની રુચિ છોડ. કમાવવાની રુચિ છોડ અને આત્માની રુચિ કર. અંતરદૃષ્ટિ કર તો તને આત્માની પ્રાપ્તિ થશે. તે સિવાય ત્રણકાળમાં શાંતિ થશે નહીં. પૂજ્યપાદસ્વામી જગતના બધાં પડખા જોઈને વાત કરે છે કે ખેતી કરવામાં કે દુકાને બેસવામાં વિગેરેમાં શિરથી એડી સુધી એટલે કે પગથી માથા સુધી પરસેવો વહાવો પડે છે. આમ તું અનાદિથી ધંધો કરવામાં, પૈસા કમાવવા વિગેરેમાં પાપ જ કરતો આવ્યો છો. ધર્મ તો નહીં પણ પુણ્યના પણ ઠેકાણા નથી. શરુઆતમાં રળવામાં પાપ ને ભોગવવામાં પણ પાપ છે. આમ બધે દુઃખ દુઃખ ને દુઃખ જ છે. જ્યારે આત્મામાં સુખ ને શાંતિ છે, ત્યાં શ્રદ્ધા જ્ઞાન ને દૃષ્ટિ કરવા જેવું છે. (ક્રમશઃ)

## સોનગઢમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણવર્ગ

વર્ષો પહેલાં પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં વરસોવરસ ઉનાળાના વેકેશનમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણવર્ગ ચલાવવામાં આવતા હતા. તે શિક્ષણવર્ગ આગામી ઉનાળાના વેકેશનમાં ૧૫ દિવસ માટે વિદ્યાર્થીઓ માટે રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની વિસ્તૃત વિગત હવે પછી પ્રગટ કરવામાં આવશે.

# * વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ *

[ ગતાંકથી ચાલુ ]

## * ધન્યકુમાર *

મુનિરાજ ધન્યકુમારને કહે છે કે હે કુમાર! તે જ બલભદ્ર સ્વર્ગમાંથી અહીં તારા પિતા ધનપાલ થયા છે અને માતા મૃષ્ટદાના સ્વર્ગમાંથી આવી તારી માતા થઈ છે. પૂર્વના સ્નેહથી તારા ઉપર અધિક પ્રેમ રાખે છે તને અત્યારે જે અઢળક લક્ષ્મી, સૌંદર્યતા, યશ આદિ મળે છે તે બધું પૂર્વના પાત્રદાનનું અને વ્રતાદિની ભાવનાનું અને નમસ્કાર મંત્રના સ્મરણનું ફળ જાણ! અને હવે પણ પ્રયત્નપૂર્વક ધર્મ કરવામાં સાવધાન રહેજે, વિગેરે આશીર્વાદ આપ્યા. ધન્યકુમાર પોતાના પૂર્વભવ જાણી અને પાત્રદાન આદિ ધર્મનું ફળ જાણી ઘણો પ્રસન્ન થયો અને ધર્મમાં ઘણી દૃઢતા કરી.

ધન્યકુમાર મુનિરાજ પાસેથી સાંભળેલા ધર્મનું ઉત્તમ ફળનો વિચાર કરતો કરતો રાજગ્રહી નગરી તરફ જાય છે. રાજગ્રહી નગરની બહાર એક સૂકાઈ ગયેલા વનમાં જઈને વિશ્રાંતિ લ્યે છે. જ્યાં કુમાર વનમાં સૂકા ઝાડ નીચે બેસે છે ત્યાં તો વન આખુ લીલુછમ થઈ ગયું. સૂકી વાવડી પાણીથી ભરાઈ ગઈ. આ વનનો માલિક શેઠ કુસુમદત્ત છે તે પોતાના વનને સુકાઈ ગયેલ જોઈ કાપવાનો વિચાર કરતો હતો એવામાં એક અવધિજ્ઞાની મુનિરાજનો તેમને ભેટો થઈ ગયો. શેઠ કુસુમદત્ત મુનિરાજને ભક્તિથી નમસ્કાર કરીને પૂછે છે કે પ્રભો! આ વન સુકાઈ ગયું છે તે ફરીને નંદનવન સમાન થશે કે નહિ? મુનિરાજ કહે છે કે કોઈ ભાગ્યવાન પુરુષ આવીને અહીં બેસશે તે વખતે આ વન નંદનવન સમાન થઈ જશે. આ રીતે મુનિરાજના વચન સાંભળી શેઠ કુસુમદત્ત એ ભાગ્યશાળી પુરુષના આગમનની રાહ જોતો હતો.

ધન્યકુમારના આવવાથી આ સૂકું વન ફળફૂલ આદિથી નંદનવન જેવું બની જતા આશ્ચર્ય પામી કુસુમદત્ત શેઠ કુમાર પાસે આવીને નમ્રતાથી પૂછે છે કે આપ ભાગ્યશાળી કોણ છો? અને ક્યાં ગામથી પધારો છો? ત્યારે ધન્યકુમાર કહે છે કે હું ઉજ્જૈનીનો રહીશ છું ને વણીક પુત્ર જૈન છું. ત્યારે શેઠ ખૂબ જ ખુશી થઈને કહે છે કે હું પણ જૈની જ છું. તેથી આપ મારા સાધર્મી છો તેથી મારા ઘેર પધારવા કૃપા કરો. ધન્યકુમાર શેઠનું વાત્સલ્ય દેખી તેમના ઘેર જાય છે. શેઠ ખૂબ જ આદર સત્કારપૂર્વક ઘેર લઈ ગયા અને તેની પત્નિને કહે છે કે આ મારી બેનનો પુત્ર છે તેથી તમે સુંદર રીતે તેમનું સ્વાગત કરો. સ્નાન ભોજન આદિની તૈયારી કરો. પત્નિ કુમારને

જોઈને ઘણી ખુશી થાય છે અને આ મારો ભાવી જમાઈ છે તેમ જાણી ઘણો જ સત્કાર કરે છે.

